# श्री श्रुतवंदना

वंदना श्रुतदेवता, हे विद्यानिधान
ज्ञान–दान–विधान प्रभु! टाळ अम अज्ञान... ॥1॥
पुण्यबोध विलासवाही, धर्म अमृत पान... ॥2॥
सर्व आगमसूत्रधारक, अर्थ अनहद गान... ॥3॥

अरिहंत भगवंतो तणा, चरणे करुं छुं वंदना,
गणधर प्रभुना चरणमां, भावे करुं छुं वंदना,
श्री समवसरणने वंदना, जे देशनाभूमि बने,
श्री धर्मतीर्थने वंदना, जे अपहरे छे मोहने... ॥1॥
भगवंत! शुं छे तत्त्व, पूछे गणधरो शुभभावथी,
प्रभु कहेः उत्पत्ति, विलय, स्थिरता सदा छे जगतणी,
प्रभु मुखे आ त्रिपदी सुणी, गणधर करे उद्भावना
श्रुतधर्मने धारण करी, भावे करुं श्रुतवंदना... श्रुतधर्मने... ॥2॥

(अंगसूत्रो)

साधुजीवननी धर्मचर्या, कही आचारांगमां,
अज्ञान ज्ञानादिकनुं वर्णन, कर्युं सूत्रकृतांगमां,
स्थानांगमां जीव आदि, षड्द्रव्योतणुं वर्णन मळे,
संख्या क्रमे तत्त्वो कही, समवाय संशयने हरे... श्रुतधर्मने... ॥3॥
प्रश्नोत्तरीना रूपमां, भगवती आपे प्रेरणा,
अगणित रम्य कथानको, छे ज्ञाताधर्मकथांगमां,
पावन उपासकदशांगमां, छे दश महाश्रावक कथा,
सिद्धोनुं अंतःकृद्दशा, वर्णन करे टाळे व्यथा... श्रुतधर्मने... ॥4॥

Scanned with CamScanner

श्री उत्तराध्ययने मनोहर, बोधनां झरणां वहे,
श्री ओघनिर्युक्ति मुनिनी, सामाचारीने कहे... श्रुतधर्मने... ॥14॥
श्री पिंडनिर्युक्ति बतावे, गोचरीनी पद्धति,
मूलसूत्र छे आ चार आपे, आतमाने सन्मति... श्रुतधर्मने... ॥15॥

(शेषसूत्रो)

श्री नंदीसूत्रे पांचज्ञान, तणी विशद चर्या घणी,
अनुयोगद्वार थकी मले, शिक्षा सकल आगमतणी ... श्रुतधर्मने... ॥16॥
निर्युक्तिग्रंथो भद्रबाहु, सूरि रचे गंभीर बहु,
भाष्यो रच्या जिनभद्र गणिए, सरल ने सुंदर सहु,
चूर्णि तणा रचनार पूर्व, महर्षिओ उपकारी छे
अगणित आचार्ये रचेली, वृत्तिओ मनहारी छे... श्रुतधर्मने... ॥17॥
शास्त्रो हजारो विविध भाषा, मां विशाल रची गया,
महामुनिवरो निजज्ञानदाने, मेघ आषाढी थया,
बहुबोध एक एक अक्षरे, ए पापना पूंजो हरे,
प्रशमामृते अंतर भरे, अगणित आतम उद्धरे... श्रुतधर्मने... ॥18॥

Scanned with CamScanner

# આગમની ધૂન

(રાગ : કાન કુંવર નાનો રે)

હાથ જોડી બોલીએ રે, જિનાગમ શરણં મમ, ધૂન જગાવો રે, જિનાગમ શરણં મમ

માન છોડી બોલીએ રે, જિનાગમ શરણં મમ, તાળી પાડી બોલીએ રે, જિનાગમ શરણં મમ

શ્રદ્ધાથી બોલીએ રે, જિનાગમ શરણં મમ, નાચી નાચી બોલીએ રે, જિનાગમ શરણં મમ

ભવોભવ મળજો રે, જિનાગમ શરણં મમ, છાતી કાઢી બોલીએ રે, જિનાગમ શરણં મમ

મોક્ષ સુધી મળજો રે, જિનાગમ શરણં મમ, બીજું નહીં માંગુ રે, જિનાગમ શરણં મમ

ઝંખના મારી રે, જિનાગમ શરણં મમ, એક રોજ ચાહું રે, જિનાગમ શરણં મમ

પ્રેરણા મારી રે, જિનાગમ શરણં મમ, શ્વાસે શ્વાસે બોલું રે, જિનાગમ શરણં મમ

ચાહના મારી રે, જિનાગમ શરણં મમ, રોમે રોમ બોલે રે, જિનાગમ શરણં મમ

માંગણી મારી રે, જિનાગમ શરણં મમ, આધાર મારો રે, જિનાગમ શરણં મમ

લાગણી મારી રે, જિનાગમ શરણં મમ, તારનારો એક રે, જિનાગમ શરણં મમ

જૂઠ નહીં બોલું રે, જિનાગમ શરણં મમ, સાચું કહેવું રે, જિનાગમ શરણં મમ

Scanned with CamScanner

# શ્રી આચારાંગ સૂત્ર - ૧

(રાગ : સ્વસ્તી શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં)

નમીએ ભાવે શ્રી આગમગ્રંથ ને,
જેમાં શોભે છે પ્રભુજીની વાણી, કરે હર્ષ લ્હાણી...
આગમ નમું ભાવથી.....
શાસ્ત્રો કેસરી સિંહ પરે ગાજતા
એની ત્રાડે પાપો ભાગે, દોષો બધા નાશે... આગમ નમું....
શાસ્ત્રો શંખધ્વની જેમ વાગતા
એના તીરો અજ્ઞાન ને વીંધે, મારગને ચીંધે..આગમ નમું....
આચારાંગ આગમ સોહામણું
જેમાં પચ્ચીશ અધ્યયન ખાસ, આચારની સુવાસ...
આગમ નમું....
વીર પ્રભુની સાધના વર્ણવી
જે વાંચતા નયન ભીંજાય, હૈયું હરખાય.. આગમ નમું....
શ્રમણ જીવનની ધર્મ ચર્ચા કહી
ભાષા-શય્યા-વસતિ-વિહાર,
કેમ કરવો આહાર... આગમ નમું....
આચાર ધર્મમાં દ્રઢતા રાખજો
આચાર છે આત્માનો આધાર, ઉતારે ભવપાર..
આગમ નમું....

Scanned with CamScanner

# શ્રી સૂયડાંગ સૂત્ર - ૨

(રાગ : પ્રભુ તારી પ્રીત મારે મનડે બંધાણી....)

આગમની પ્રીત મારે મનડે બંધાણી
મનડે બંધાણી મારે તનડે ગુંથાણી... આગમની......
ઓ જિનાગમ ! તારી અમૃતવાણી
કાન મારગ થઈ હૈયામાં પેઠી
પથ્થર ને પણ કરતી પાણી.... આગમની......
દુષમકાળના વીંઝાતા વાયરા
ભોગવાદના નાચતા ભૂતડા
રાગ ને દ્વેષમાં મતિ મૂંઝાણી... આગમની......
સૂયડાંગ સૂત્ર ની તત્વો ભરેલી
વિચારણા છે ખૂબ સોનેરી
હેલી હર્ષની હૈયે ઉભરાણી... આગમની......
સ્વરૂપ બતાવ્યુ સમ્યકત્વ કેરુ
મોક્ષ માર્ગ ને ધર્મ માર્ગનું,
વર્ણન કર્યું છે વળી પાખંડીઓનું.. આગમની.....
કથા વર્ણવી આર્દ્ર કુમારની
નાલંદા પાડાને રાજગૃહીની,
કર્મના કચરામાં પડી ચિનગારી.. આગમની.....
તડકા આકરા પડે અજ્ઞાનના
બંધન કપરા મોહમાયાના
સૂરો સંભરાણા તારી બંસરીના...... આગમની.....

Scanned with CamScanner

# શ્રી ઠાણાંગ (સ્થાનાંગ) સૂત્ર - ૩

(રાગ : તારે દ્વારા આવીને...)

આગમ ગ્રંથો પામીને કોઈ અંધારે અથડાયના,
શાસ્ત્રો મહાન... શબ્દો મહાન...
જિનવાણીને સુણીને કોઈ અજ્ઞાને અટવાયના...
શાસ્ત્રો મહાન... શબ્દો મહાન...
ભવઅટવીની ભૂલામણીમાં મારગ સાચો બતાવે,
હાથ ઝાલીને હૈતાળ હૈયે હેમખેમ બચાવે,
આગમરસનું પાન કરે જે મુંઝવણથી મુંઝાયના....
શાસ્ત્રો મહાન... શબ્દો મહાન...
સ્થાનાંગ સૂત્ર આગમ કહે છે, સંખ્યા ક્રમેથી તત્વો
દશ અધ્યયન માંહે બતાવ્યા પૂર્ણ ભરેલા પદાર્થો,
આગમનું અંજન આંજો આંખો બીજે અંજાયના.....
શાસ્ત્રો મહાન... શબ્દો મહાન...
રોગોત્પત્તિના નવકારણો સુંદર રીતે બતાવ્યા
ભાવી જીવો તીર્થંકરોના નવ અહીં દર્શાવ્યા
અજબ એહની ચર્ચા વાંચીને ચિત્ત બીજે જાયના..
શાસ્ત્રો મહાન... શબ્દો મહાન...

Scanned with CamScanner

# શ્રી સમવાયાંગ સૂત્ર - ૪

(રાગ : કરૂણા સાગર કરૂણા કરજે....)

જિનવાણી ! મારી રક્ષા કરજે,
શરણું હું સ્વીકારું... પ્રભુ દૂર કરો અંધારું,
પ્રભુ ખૂબ આપો અજવાળું... જિનવાણી...
આગમ ગ્રંથની જાઉં બલિહારી
સુર નર મુનિવર જાય છે વારી,
કાળ અનાદિનું અજ્ઞાન કેરું,
ધુમ્મસ ઘોર છવાયું.... પ્રભુ દુર...
આગમ ગ્રંથ નો ઉપદેશ ચાખ્યો,
સ્વાદ સાકરનો ફિક્કો લાગ્યો,
જિનાગમોનું બિરૂદ એવું સહુનું શુભ કરનારું... પ્રભુ...
સમાવાયાંગ સૂત્રમાં ષટ્ દ્રવ્યોનું
વર્ણન છે વળી ચૌદ પૂર્વોનું
પલ્યોપમ ને સાગરોપમનું સ્વરૂપ ખૂબ મજાનું.. પ્રભુ...
વાસુદેવ ને ચક્રવર્તીની
રચના વર્ણવી સમવસરણની
તીર્થંકરો ના અતિશયોનું વર્ણન દિલ હરનારું.. પ્રભુ...

Scanned with CamScanner

# શ્રી ભગવતી સૂત્ર - ૫

(રાગ : જય જય જય જય પાસ જિણંદા)

જય જય જય જય શ્રી જિનવાણી
તારા ચરણે આવ્યો સ્વામી ! દૂર કરો મારા મનની ખામી !
જય જય...

દુષમ કાળની આંધી વચ્ચે, આધાર તું એક અંતર્યામી
તારા શબ્દના તેજ સહારે, પાર કરે સહુ વિકટ અટવી
જય જય...

ભગવતી અંગમાં પ્રશ્નોત્તરી છે, વિધવિધ મુનિઓને શ્રાવકોની
તત્વ પ્રકાશ્યુંઅજબ એહમાં, સહસ છત્રીસ છે સંખ્યા એહની...
જય જય...

સંશય પૂછે વીર પ્રભુને, ગૌતમ સ્વામી માન છોડી
પ્રભુએ દીધા ઉત્તર એના, જગમાં ન જડે જોડી એની...
જય જય...

એહ ગ્રંથ સુણ્યો પેથડશા, શ્રદ્ધા પૂર્વક દિલ લગાડી
''ગોયમ'' શબ્દે મૂકે સોનામહોર,
સહસ છત્રીશ જે મોહ છોડી.... જય જય...
કોટી શાસ્ત્રો ભેગા થાયે, તારી તોલે ન આવે કોઈ
એવું અદ્‌ભૂત આગમ છે તું,
વંદુ હું બે હાથ જોડી..... જય જય...

Scanned with CamScanner

# શ્રી જ્ઞાતાધર્મ કથા અંગ સૂત્ર - ૬

(રાગ : પ્રથમ જીનેશ્વર પ્રણામીએ...)

જિનાગમ ! તને પ્રણમીએ ભાવ ધરી ને આજ
મેઘધનુષ પરે નિરખંતા વિશ્વની આંખડી
આનંદ થી ઉભરાય ......................... જિનાગમ તને..
તારી મિઠી ગોઠડી જેની શીતલ છાય
ગ્રીષ્મઋતુના તડકાથી તપ્ત પથિક જે
ઘેઘુર વૃક્ષે જાય.. ......................... જિનાગમ તને..
તારા શબ્દોની છાંયડી જેની ઉપર છવાય
વિષય કષાયની આગ થી બળતો તે નર
ચંદન થી લેપાય.. ......................... જિનાગમ તને..
જ્ઞાતાધર્મ કથાંગ છે, આગમ જે કહેવાય,
ઓગણીશ અધ્યયન માંહે બતાવે કથાનકો
સાંભળતા સુખ થાય.. ......................... જિનાગમ તને..
મેઘકુમારનું ચરિત્ર છે વળી સેલકની વાત
મલ્લીનાથ ભગવંતનું વર્ણન વાંચતા
રાગ ભાગે તત્કાલ.. ......................... જિનાગમ તને..
વિધવિધ વાર્તા અહીં કહીં, બોધદાયક ભરપૂર,
તે વાંચતા ઉમટે ભરતી વૈરાગ્યની
દિલના દરીયા માંય.. ......................... જિનાગમ તને..

Scanned with CamScanner

# શ્રી ઉપાસક દશાંક સૂત્ર - ૭

(રાગ :મારા શામળા છો નાથ પ્યારા પાર્શ્વજી)

મારા શાશનના શણગાર વંદુ જિનાગમ જયકાર
વિનંતિ કરું છું કરજોડીને, સમરું શ્વાસ માંહે સોવાર
સામું જુઓને એકવાર ... વિનંતિ કરું...
નરક - નિગોદ ના દુઃખોથી ઉગાર્યો
અહીં લગી તે મુજને પહોંચાડયો
હવે બાજી તું સંભાર, મને હારતો બચાવ.. વિનંતિ કરું...
ઉપાસક દશાંગ રળીયામણું, શ્રેષ્ઠ શ્રાવકોની કિર્તિગાતું
શ્રાવક વીર પ્રભુના સાચા, જેના ગુણો ઈન્દ્રો ગાતા.વિનંતિ કરું..
આનંદ - કામદેવ ને ચુલની પિતા છે,
તેતલી પિતા ને નંદિની પિતા છે,
સદ્દાલ પુત્રને ક્ષુલ્લશતક, સુરાદેવ ને કુંપકોલીક ..વિનંતિ કરું...
દશ શ્રાવકો નો વૈભવ બતાવ્યો, દ્રઢ આચારોથી યશ ફેલાવ્યો,
પામશે પદ નિર્વાણ વંદન હોજો વારંવાર ... વિનંતિ કરું...
એવો ધન્ય દિવસ ક્યારે આવશે ?
આગમ ગ્રંથમાં મારું નામ ગવાશે ?
વિનવું તમને વારંવાર, સાચો શ્રાવક તું બનાવ...
વિનંતી કરું છું કરજોડી ને....

Scanned with CamScanner

# શ્રી અંતગડ દશાંગ સૂત્ર - ૯

(રાગ : કાન કુંવર નાનો રે કાનો રમે છે...)

હાથ જોડી કહેવું રે જિનાગમ શરણું મને,
પાય પડી વિનવું રે સુધારો મારા મનને.. હાથ..
અનાદિ કાળમાં ભૂલો કરી છે, તારી આજ્ઞા ને દૂર કરી છે,
આપજો માફી રે, ભૂલી મારા અપરાધને... હાથ જોડી..
રાગ ને દ્વેષની આંધી ચડી છે, દિવાલો દોષની આડી પડી છે,
આપજો શક્તિ રે, આવું હું તારી કને... હાથ જોડી..
અંતગડસૂત્ર વાત બતાવે, તેવા કેવલીની વાત જણાવે
અંતમૂર્હતમાં પામે, જે શિવસુખને... હાથ જોડી..
ગુણરત્ન સંવત્સર તપ કહ્યો છે, નગરી દ્વારીકાનું વર્ણન કર્યું છે,
દેવકી ના પુત્રો રે, વળી ગજસુકુમાલને... હાથ જોડી..
શ્રી કૃષ્ણની આઠ પટ્ટરાણી, શ્રેણિક રાજાની તેર રાણી
અનેક ભવ્યોના, દોર્યા જીવન ચરિત્ર ને... હાથ જોડી..
આરાધનામય જીવન જીવી ને, શત્રુંજય પર અણશન કરી ને,
પામ્યા મુક્તિ રે, શાશ્વતા સુખ સ્થાન ને....

Scanned with CamScanner

# શ્રી અનુત્તરો પપાતિક સૂત્ર - ૯

(રાગ : શાંતી જિનેશ્વર સાચો સાહિબ)

જિનાગમ એક સાચો સહારો ભવ અટવીમાં એક સથવારો જિનાગમ...
કાળ અનંતો ભમતાં ભમતાં આશરો ઠેર ઠેર શોધતાં શોધતાં,
મળ્યો મુજને આગમ દિવો .................. જિનાગમ ....
અનુત્તરોપપાતિક સૂત્રે જણાવ્યા
વિમાન અનુત્તર માં જેઓ પહોંચ્યા,
ગુણ તેહના અહોનિશ ગાઓ..... જિનાગમ ....
રાણી શ્રેણિકની દશ બતાવી
દિક્ષા લઈને અનુત્તરે પહોંચી
તેહના ચરણે શીશ નમાવો..... જિનાગમ ....
અભયકુમાર ને જાલિ મયાલી
દિક્ષા લઈ થયા અનુત્તર વાસી
શ્રેણિક ના એ દશ પુત્રો....... જિનાગમ ....
વળી અણગાર ધન્નાની વાત,
શિષ્ય જે પ્રભુના થયા વિખ્યાત,
જેહનો જગમાં ન જડે જોટો...... જિનાગમ ....
એહવા મનોરથો મનમાં ભાવું,
આવી આરાધના હું ક્યારે કરું ?
ક્યારે લઈશું નરભવ લ્હાવો......... જિનાગમ ....

Scanned with CamScanner

# શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર - ૧૦

(રાગ : રંગે રમે આનંદે રમે આજ)

મનને ગમે મારા દિલને ગમે, આગમગ્રંથ મારા હૈયે રમે,
ગ્રંથો વાંચીને મારા દોષો શમે... ....આગમગ્રંથ..
સૂરજના તેજ એના શબ્દે ભર્યા છે,
ચાંદનીના રૂપથી તેજ મઢયા છે,
ઝળહળતા તેજ જ્યાં ઝાંખા પડે... ....આગમગ્રંથ..
ભ્રમણાની ભેખડો ભાંગી પડે છે,
શબ્દ જ્યાં એક એનો કાને પડે છે,
કાળ અનાદિની ભૂલો ભૂંસે.... ....આગમગ્રંથ..
પ્રશ્નવ્યાકરણ આગમ કહે છે,
આશ્રવ પંચકને વર્ણવે છે,
સંવરના મહિમાનું ગાન કરે... ....આગમગ્રંથ..
અધ્યયન દશ જેના ત્તવો મઢેલા
હિંસાના ત્રીસ નામ ખૂબી ભરેલા
આશ્રવનો ત્રાસ જેના નામે શમે.... ....આગમગ્રંથ..
આશ્રવ ત્યજીને કર્મબંધ કાપો,
સંવર સ્વીકારી નિજસુખ પામો
કર્મોના કાયદા જ્યાં ખરી પડે.... ....આગમગ્રંથ..

Scanned with CamScanner

# શ્રી વિપાક સૂત્ર - ૧૨

(રાગ : આવો આવો હે વીર સ્વામી....

આવો આવો હે આગમ ગ્રંથો ! મનમંદિર માં આજ
આપો આપો હે આગમગ્રંથો ! તારા તેજ નો અંશ,
વિષય કષાયની અગનજાળમાં જલતો રહું દિનરાત
કામક્રોધ ને મોહાદિકની ખાતો રહું બહુ લાત,
કરજો કરજો હે આગમ ગ્રંથો ! મુજપર શક્તિપાત
આવો આવો....

ભડકા ઉઠયા વાસનાના મુજમન મંદિરમાંય,
ભડભડ બળે છે આત્મ સંપદા પ્રભુ ! કરોને કાંચ
છાંટો છાંટો હે આગમ ગ્રંથો ! શાસ્ત્ર શબ્દોની છાંટ...
આવો આવો....

વિપાક સૂત્રમાં વર્ણવ્યો છે કર્મ તણો અવદાત
કૃટિલ કર્મના ફળ સ્વરૂપે જાગે ઝંઝાવાત
શમજો શમજો હે આગમ ગ્રંથો ! મુજ કર્મોની આગ....
આવો આવો....

Scanned with CamScanner

ભૂલ અનાદિની અવળા હાથે થઈ ગઈ છે કો'કવાર
મૃગાપુત્રનું વર્ણન વાંચતા વહે આંસુની ધાર,
વાંચજો વાંચજો હે નરનારી ! આ વર્ણન એકવાર...

આવો આવો....

શ્રુતસ્કંધ બીજામાં કહ્યો છે ! સુખતણો અધિકાર
શુભ કર્મના ફળ સ્વરૂપે પામે સુખ અપાર,
જેમ સુખ પામ્યા ધર્મ પ્રભાવે, સુબાહુ કુમાર...

આવો આવો....

સુખ દુ:ખ આવે કર્મ સંયોગે તડકા છાંયા જેમ
દુ:ખ માંહે ઉદાસ ન બનીએ કરીએ ન આર્તધ્યાન,
જો જો હે આગમ ગ્રંથો ! બનું ના સુખમાં લીન...

આવો આવો....

તારું શરણું ભવોભવ મળજો ચાહું છું હે નાથ !
કુટિલ કર્મના ફળ સ્વરૂપે જાગે ઝંઝાવાત
શમજો શમજો હે આગમ ગ્રંથો ! મુજ કર્મોની આગ...

આવો આવો....

Scanned with CamScanner

# શ્રી ઉવવાઈ (ઔપપાતિક) સૂત્ર - ૧૨

(રાગ : રાગ રૂડો રે મજાનો અવસર નહી રે...)

આવા રૂડા રે મજાના આગમ નહી રે મલે,
આગમ ભણો નરનારી ! જેહથી મલે મતિ સારી
આગમ નહી રે... આવો..

આગમનો દરીયો ઉછળે તોફાને,
રત્નો ભરીયા એના ખજાને,
મરજીવા બનો નરનારી ! જેહથી મલે મતિ સારી
આગમ નહી રે... આવો..

આગમનું વૃક્ષ છે ફળોથી લચેલું
જેને આરોગતા પેટ ના ધરાતું
ફળ ખાઓ નરનારી ! જેહથી મલે મતિ સારી....
આગમ નહી રે... આવો..

આગમ પર્વતના ઉંચા શિખરો
ઉપર ચઢવા કરતાં ઈશારો,
પર્વત ચઢો નરનારી ! જેહથી મલે મતિ સારી
આગમ નહી રે... આવો..

Scanned with CamScanner

ઓપપાતિક સૂત્ર વાત જણાવે,
વીર પ્રભુની સાધના બતાવે,
પ્રશ્ન પૂછે ગૌતમરાય
ઉત્તર દિયે જિનરાય !

આગમ નહી રે... આવો..

પ્રભુ વીર આવે ચંપાનગરીમાં,
પૂર્ણભદ્ર ચૈત્યના વનખંડમાં,
કોણીક રાજા તિહાં આવે,
તેહની વાત બતાવે !

આગમ નહી રે... આવો..

અંબડ પરિવ્રાજકનું ચરિત્ર,
ગૌતમસ્વામીના એકવીશ પ્રશ્ન,
સિદ્ધોનું સ્વરૂપ, સમુદ્ઘાતનું સ્વરૂપ...

આગમ નહી રે... આવો..

Scanned with CamScanner

# શ્રી રાયપસેણી (રાજપ્રશ્નીય) સૂત્ર - ૧૩

(રાગ : હે મારા અંતરની ભક્તિ પોકારે)

હે મારું રોમ રોમ તને પોકારે, જિનવાણી ! તારજે મને !
હે આવ્યો હું તારા શરણે યાદ કરું પળે પળે ! હે મારું...
વિષયોના વમળોમાં ફસાઈ ગયો છું,
ક્રોધની આગમાં શેકાઈ રહ્યો છું,
તીર મને એક તું મારે, પહોંચું હું સામે કિનારે .. હે મારું
તારે શરણે જે કોઈ આવ્યા સમ્યક્ત્વ શુદ્ધ તેણે પાયા,
દૃષ્ટિ જ્યાં તારી પડે, મારો બધો મોહ મરે ... હે મારું
રાયપસેણી આગમ કહે છે, સૂર્યાભદેવનું વર્ણન કરે છે,
સ્વામી ગૌતમ પ્રશ્ન પૂછે, વીર પ્રભુ ઉત્તર આપે... હે મારું
સૂર્યાભદેવ હતા પૂર્વભવમાં રાજા પ્રદેશી શ્રાવસ્તીમાં,
કેશી સ્વામી પ્રતિબોધ કરે, શ્રાવક એ દૃઢ બને.. હે મારું
વીર પ્રભુ આવ્યા આમલકલ્પા માં,સૂર્યાભદેવ આવે સમવસરણમાં,
બત્રીશ તિહાં કરે, નાટક ભક્તિ યોગે ... હે મારું
આયુષ્ય પૂર્ણ કરી દેવલોકે જાવે, સૂર્યાભદેવ નામે સામાનિક થાવે,
જાશે ચ્યવી તે વિદેહે, અંતે મુક્તિ યોગે....... હે મારું
શાસ્ત્રો વાંચીને શૂરાતન જાગે કાયરતા તો દૂર દૂર ભાગે,
મન મારું મને લલકારે, ઢીલો હવે શાને પડે
હે મારું રોમ !

# શ્રી જીવાજીવાભિગમ સૂત્ર - ૨૪

(રાગ : વરસે ભલે વાદળી ને વાયુ )

વરસે ભલે વાદળી ને વાયુ ભલે વાય
જિનાગમનો દિવો કદીયે ના બુઝાય,
અંબરમાં ચમકે અસંખ્ય સિતારા,
પાર કદી પામે નહી એને ગણનારા,
મતિ મૂંઝાય ને બુદ્ધિ હારી જાય....... જિનાગમનો...
જીવાભિગમ ગ્રંથ બતાવે,
જીવ-અજીવના ભેદ સમજાવે,
વિજયદેવની વાત કહેવાય... ....... જિનાગમનો...
જંબુદ્વિપનું સ્વરૂપ બતાવે,
કલ્પવૃક્ષોની સમજણ આપે,
અઢીદ્વીપનું વર્ણન થાય... ......... જિનાગમનો...
નરકગતિને તિર્યંચગતિનું,
ભવસ્થિતિ ને કાયસ્થિતિનું,
વળી ત્રણવેદનું વર્ણન થાય... ........ જિનાગમનો...
પાઠ અહીં છે પ્રતિમા પૂજનનો,
અલ્પ બહુત્વને વિરહકાલનો,
વાંચતા દિલ રાજી રાજી થાય... ....... જિનાગમનો...

Scanned with CamScanner

# શ્રી પન્નવણા સૂત્ર - ૧૫

(રાગ : અહો અહો પાર્શ્વજી મુજ મલીયા રે)

શ્રી જિનાગમ મને મલીયા રે,
જાણે ભાગ્ય તણાં દ્વાર ખૂલ્યા રે,
મારા મનના મોરલા ટહુક્યા,
અહો અહો જિનવાણી મને પ્યારી રે
મારું મિથ્યાત્વ અંધારું ભાગ્યું રે,
પ્રભાત સમક્તિનું પ્રગટ્યુ રે,
મારું ભવોભવનું દળ દળ ફીટયું... .......... અહો અહો...
પ્રભુદાન ત્રિપદીનું આપે રે,
પ્રજ્ઞા ગણધરની તબ જાગે રે,
રચના દ્વદશાંગીની થાયે... ................ અહો અહો...
પન્નવણા ના તત્વો મજાના રે,
પદ છત્રીશ ભૂબ ખજાના રે,
છે આગમના તત્વો રૂપાળા... ............. અહો અહો...

Scanned with CamScanner

મહાતત્વ ભર્યું એક એક પદમાં રે,
શિરમોર સમો ગ્રંથ જગમાં રે,
આપે તત્વતણાં અજવાળા... ............ અહો અહો...
દર્શાવ્યું વિજ્ઞાન શરીરનું રે,
વળી ભાખ્યું કર્મોનું વિજ્ઞાન રે,
કહ્યુ પ્રાણી પદાર્થ વિજ્ઞાન... ............ અહો અહો...
જે કોઈ આગમના પાઠ ભણાશે રે,
તેના કાદવ કુમત ના ધોવાશે રે
તેના જીવન નિર્મલ થાશે... ............ અહો અહો...

Scanned with CamScanner

# શ્રી સૂર (સૂર્ય) પ્રપ્તિ – ૧[illegible]

(રાગ : લેતા મારા પ્રભુજીનું નામ)

લેતા મને આગમનું નામ, દિલ મારું ટહુકા કરે છે,
કરતા મને જિનવાણીનું પાન, હૈયામાં પડઘા પડે છે,
લાખ ચોર્યાશી ભટકી હું આવ્યો,
પુણ્યે તુમારા દર્શન પામ્યો,
હવે ન રાખો દૂર દિલ મારું ...
સૂક્ષ્મ નિગોદના ઘોર અંધારે,
કાળ અનંતો રહ્યો બહુ દૂરે,
આપો પ્રભુ ચરણોમાં સ્થાન... દિલ મારું...
સૂર્ય પ્રજ્ઞાપ્તિ આગમ જણાવે,
સૂર્યદેવનું સ્વરૂપ બતાવે,
સૂરજના તેજમલો ખાશ... દિલ મારું...
જુબુદ્ીપમાં સૂર્ય બે છે,
એમાં સૂર્યદેવનો અધિકાર છે,
સૂરજ શાં ગ્રંથો શોભે, દિલ મારું...
આગમગ્રંથો ! વિનંતી કરીએ,
સૂરજ બનીને અંધારા હરીએ,
આપો મને શાશ્વતુ તેજ... દિલ મારું...

Scanned with CamScanner

# શ્રી જંબુદ્વિપ પન્નતિ સૂત્ર - ૧૨

(રાગ : કોટી વાર મારી કરી લે કસોટી)

કોટી કોટી વાર કરું તમને વિનંતી,
આગમગ્રંથો મને દેજો ખૂબ શક્તિ.... કોટી કોટી....
દુનિયાના લોકો મલી ભલે ભડકાવે,
ભક્તિની ભરતીમાં ઓટ તોયે નાવે,
રોજરોજ વધતી તારી સ્મૃતિની સપાટી.. કોટી કોટી....
રાતદિન હૈયે એવી વેદના થાતી,
અખંડ આજ્ઞા તારી નથી પળાતી
રોતી રોતી આંખે કરું હું દિલછતી.. કોટી કોટી....
જંબુદ્વિપ પન્નત્તિ આગમ જણાવે.
જંબુદ્વિપની ભૂગોળ બતાવે,
ચૌદ નદીઓ કેરી વાતો મોટી.. કોટી કોટી....
સાત વિભાગોમાં ક્ષેત્રો બતાવે,
પર્વત - શિખરોને દ્રહો સમજાવે,
વિજય - તીર્થોની વાતો અનોખી... કોટી કોટી....

Scanned with CamScanner

ચક્રવર્તીના નવનિધાનો,

બત્રીસ લક્ષણને વળી કુલકરો

વાત જણાવે વળી અવસર્પિણની... કોટી કોટી....

ઉત્સર્પીણીને કાળચક્રનું,

વર્ણન કર્યું વળી જ્યોતિષ્યક્રનું,

જંબુવૃક્ષની વાતો અનેરી... કોટી કોટી....

અંતિમટાણે તારી આણા હૈયે રહેજો,

છત્રછાયા તારી મને અહોનિશ હોજો,

વીંધાણું તારા શબ્દે મનનું મોતી... કોટી કોટી....

Scanned with CamScanner

# શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર- ૧૮

(રાગ : એકવાર એકવાર મલ્લીનાથ દાદા )

એકવાર એકવાર આગમ ગ્રંથો ! મારા જીવનમાં આવો રે,

એકવાર એકવાર આગમ ગ્રંથો ! મારું મન સમજાવો રે,

મનનું પંખી ઉડયા કરે છે, વિષયના વૃક્ષ પર માળો બાંધે છે,

કોકવાર કોકવાર આગમ ગ્રંથો !

કઠીયારા બનીને આવો રે ... ..... એકવાર ...

મનનો મોરલો ટહુક્યા કરેછે, કૃપાવૃષ્ટિની ઝંખના કરે છે,

કોકવાર કોકવાર આગમ ગ્રંથો !

વાદળ બનીને વરસો રે... ..... એકવાર ...

મનનું ફૂલ કરમાઈ ગયું છે, કષાયોથી ચગદાઈ ગયું છે,

કોકવાર કોકવાર આગમ ગ્રંથો !

માળી બનીને આવો રે... ..... એકવાર ...

ચંદ્ર પ્રજ્ઞપ્તિ આગમ જણાવે ચંદ્રદેવનું સ્વરૂપ બતાવે,

ચંદ્રનું આયુષ્યને વળી પરીવાર, વૈભવ એનો બતાવ્યા રે ...

એકવાર ...

Scanned with CamScanner

જંબુદ્વિપમાં ચંદ્ર બે છે, એમાં ચંદ્રદેવનો વસવાટ છે,
નક્ષત્ર તારા ને પરિમાણ, એ સહુ અહીં દર્શાવ્યું રે...
એકવાર ..

અજ્ઞાનના વાદળો છવાઈ ગયા છે,
સમજણનો સૂરજ છૂપપાઈ ગયો છે,
કોકવાર કોકવાર આગમ ગ્રંથો !
પવન બનીને આવો રે.. એકવાર....
મનનું ચકોર કહ્યા કરે છે, તારી ચાંદનીનો ચાહ્યા કરે છે,
કોકવાર કોકવાર આગમ ગ્રંથો !
ચંદ્ર બનીને આવો રે... ..... એકવાર ...

Scanned with CamScanner

# શ્રી કલ્પવતંસિકા સૂત્ર - [illegible]

(રાગ : ઓલી ચંદનબાળાનો બારણે ....)

હે વ્હાલા ! આગમ ગ્રંથને કહીએ રે,
એકવાર આવીને મલીએ રે,
જેથી જીવતર ધન્ય થાય
પ્યારા આગમ ગ્રંથને નમીએ રે,
એને અર્પણ જીવન કરીએ રે, ...... જેથી જીવતર...
ઠેર ઠેર ભટક્યા ઠોકરો ખાતા તોયે ઠેકાણું નારે પડયું,
દ્વાર દ્વાર રખડયા ઈચ્છાઓ લઈને સુખનું સરનામું નારે જડયું,
વ્હાલા આગમ ગ્રંથને કહીએ રે,
તમે રાહબર બનીને આવો રે..... જેથી જીવતર...
ભર જંગલમાં ભૂલા પડયા છીયે એક મારગ નારે મલે,
દિગ્મૂઢ બનીને દિશાઓ તાકીએ,
આંખે આંસુ ચોધાર પડે,
વ્હાલા ! આગમગ્રંથોને કહીએ રે,
તમે ભોમિયા બનીને આવો રે ...... જેથી જીવતર...
કપ્પવડંસિયા આગમ પુષ્પમાં, દશ અદ્યયનની પરિમલ છે,

Scanned with CamScanner

શ્રોણિક રાજાના દશ જે પૌત્રો તેના ચરિત્રોનું વર્ણન છે,
તેમના નામો છે - મહાપદ્મ રે,
પદ્મભદ્ર - સુભદ્ર - ભદ્ર રે .......... જેથી જીવતર...
નલિનીગુલ્મને પદ્મગુલ્મ છે, પદ્મસેન ને પદ્મ રે,
નંદનને વળી આનંદ છે રે, એ દશ રાજકુમારો છે,
પ્રભુ વીરની સુણી દેશના રે,
સ્વીકારે ભાવે દિક્ષા રે ........... જેથી જીવતર...
અણિશુદ્ધ સંયમ પાળીને પહોંચ્યા,
ઉપર ઉપરના સ્વર્ગમાં રે,
જંગડો જીવ્યો એણે જીવતર કેરો,
ઝંડો લહેરાવ્યો ગગનમાં રે,
ક્યારે આવા પરાક્રમ કરશું રે,
વળી કર્મોને ઉખેડી નાખશું રે ......... જેથી જીવતર...
મધ દરીયે મારી નાવ અટવાણી,
એકે કિનારો જેવા ના મલે,
ઉપર આભને નીચે છે પાણી
એક સહારો જેવા ના મલે,
વ્હાલા આગમગ્રંથને કહીએ રે,
તમે સુકાની બનીને આવો રે ............જેથી જીવતર...

Scanned with CamScanner

# શ્રી નિરયાવલિકા સૂત્ર - ૨૦

(રાગ : આજ મારા પ્રભુજી સામું )

જિવનણી ! મારી સામું જુઓ ને
સમકિતી મુજને બનાવો રે,
મેલ અનાદિનો સાફ કરીને
તેજે અનેરા ચમકાવો રે ...આજ...
મનની ધાર બુઠ્ઠી બની છે, તેહને તીક્ષ્ણ બનાવો રે,
તારા શબ્દના પારસમણીના સ્પર્શથી સોનું બનાવો રે...આજ...
તારા શાશ્વત તેજ ભરેલા તત્વો જેને સુણ્યા રે,
એના અંતરમાં સૂરજના તેજ સોળે કળાએ ખીલ્યા રે...આજ...
નિરયાવલિકા આગમમાં રે વાત નરકની બતાવે રે,
પાપના ભારે બોજા હેઠળ નરકનાં જે પડીયા રે... આજ...
શ્રેણિક ભૂપને ચેડા રાજા જ્યારે યુદ્ધે ચડીયા રે,
રથમુશલને શીલા કંટકથી બહુ જીવો તેમાં મરીયા રે...આજ...
એહ યુદ્ધમાં શ્રેણિકના દશ પુત્રો મૃત્યુ પામ્યા રે,
નરકે જે જે પહોંચ્યા તેનું વર્ણન અહીં કરીયા રે... આજ...
કર્મરાજની આંખો માંહે કરડાઈ જ્યારે જાગે રે,
મુગટધારી ભૂપતિઓ પણ નરકના ખાડે ભાગે રે... આજ...
પાપ કરો તો સમજી લેજો એની સજા ભારે રે...

Scanned with CamScanner

# શ્રી પુષ્પચૂલિયા સૂત્ર - ૨૩

(રાગ : એક ઘડી પ્રભુ ઉર એકાન્તે)

એક ઘડી જે સ્પર્શી જાયે આગમ વચનો મને,
સોનામાં સુગંધ ભળે... જીવનમાં વસંત ખીલે,
કાળ અનાદિમાં કાને સુણ્યા ના શાસ્ત્ર વચનો અરે !
શરણ ગ્રહ્યું ના પળવાર મેં તો જિનવાણીનું ખરે...
આગમ વચનોના પારસમણિનો સ્પર્શ મળે જો મને...
સોનામાં...

આગ ઉઠી છે અંગે અંગમાં વાસનાની અરે !
ભોરિંગ ડંખે અણુએ અણુમાં ભોગવાદના ભારે,
ભેટી જાય જે ગારૂડી કોઈ જિનવચનોનો મને...
સોનામાં...

શીળી પૂનમની ધવલ રાતે ચાંદની કેવી ઝરે,
પર્વત પરથી ખળ ખળ કરતું ઝરણું કેવુ વહે,
જ્યારે વાંચુ આગમ ગ્રંથો આવું લાગે મને...
સોનામાં...

Scanned with CamScanner

અર્જુનના ધનુષ ગાંડીવથી તીરો કેવા છૂટે,
ચક્રવર્તીના નિધાનોમાંથી વસ્તુ કે દી ખૂટે,
જ્યારે વાંચુ આગમ ગ્રંથો આવું લાગે મને...

સોનામાં...

ધસમસતા વેગે ધસતા નીર નયનથી વહે,
શબ્દે શબ્દે તેજ ભર્યું છે જાણે વીજળી ચમકે,
જ્યારે વાંચુ આગમ ગ્રંથો આવું લાગે મને...

સોનામાં...

પુષ્પચૂલિકામાં શોભે છે દસ દેવીના નામ
શ્રી દેવી હ્રી દેવી ધૃતિને ઈલા કિર્તી નામ
લક્ષ્મીદેવી સૂરાદેવી ને રસ-ગંધદેવી નામ...

સોનામાં...

Scanned with CamScanner

# શ્રી વહિનદશા સૂત્ર - [illegible]

(રાગ : અભિનંદનસ્વામી હમારા)

આગમ અમને પ્રાણથી પ્યારા આગમના નામે જયકારા,
જિનવાણી સુણજે પ્યારા ! ભવોભવના મીટે અંધારા
આગમ વિના અમે નોંધારા, આગમ અમ કિકીના તારા,
હૈયે થાયે અમને ધબકારા,
આંખો ચૂકે કરવા પલકારા... ...... આગમ...
અગમના તેજ એવા ઝાઝા, ચંદ્ર સૂરજ લાગે ઝાંખા,
આગમ ભણે રહે ના અધૂરા,
આગમના શબ્દો મધૂરા... ...... આગમ...
આગમ છે વહિનદશા વર્ણન રાજકુમારોના કીધા,
લીધી પ્રભુ પાસે દીક્ષા,
સર્વાર્થ સિદ્ધમાં પહોંચ્યા... ...... આગમ...
નિષધ વગેરે છે નામો, બળદેવના એ પુત્રો,
સર્વાર્થસિદ્ધમાં ઉપન્યા,
જાશે અંતે શિવપદ સારા... ...... આગમ...
આગમ ભણાવાના છે ઓરતા, ક્યારે થાશે મનોરથ પૂરા,
પ્રભુ ! દેજો આશિષ એવા,
અરમાન રહેના અધૂરા... ...... આગમ...

Scanned with CamScanner

# શ્રી પુષ્ફિયા સૂત્ર - ૨૩

(રાગ : તન વિકસે મન ઉલ્લસે રે )

મન મારું ડોલતું એમ કહે રે, મલીયા આગમ ગ્રંથ

આગમ દિલ વસીયા...

હોઠ મારા હસતા એમ કહે રે, કેવા આગમ ગ્રંથ

આગમ દિલ વસીયા...

શિશ મારું ધૂણાતું એમ કહે રે, મલિયો મોટો આધાર

આગમ દિલ વસીયા...

આંખ ચમકતી બોલતી રે, દુષમકાળે આધાર

આગમ દિલ વસીયા...

હાથ મારા નાચતા એમ કહે રે, જગમાં ન જેની જોડ

આગમ દિલ વસીયા...

પગ થનગંતા બોલતા રે, જન્મ સફળ મુજ આજ .

આગમ દિલ વસીયા...

Scanned with CamScanner

# શ્રી ચઉશરણ પયન્ના - ૨૪

(રાગ : કાન્હ કુંવર નાનો રે કાનો રમે છે...)

પ્રેમથી પધારો રે, આવો આગમ ગ્રંથ આંગણે,
પ્રતિક્ષા કરીએ રે, ઉભા રહી અમે બારણે ....પ્રેમથી....
ચતુર્શરણ પયન્ના આગમ જાણીએ,
શ્રધ્ધા ધરીને એને બહુમાનીએ,
અંતર ઘડીએ રે જિનવાણીના ટાંકણે ....પ્રેમથી....
ચાર શરણની વાત જે બતાવે,
છ આવશ્યકને સમજાવે,
કિર્તિ આગમની દૂરદિગંતમાં ગાજે ...પ્રેમથી....
પ્રથમ શરણ છે શ્રી અરિહંતનું,
લહીએ શરણું સિધ્ધ ભગવંતનું,
ભવોભવ મળજો રે, સાધૂનું શરણું મને ...પ્રેમથી....
ધર્મનું શરણું સદા સુખ આપે,
ધર્મનો મહિમા વિશ્વને ઝુકાવે,
ધજા ધર્મની રે લહેરાયે ઉંચે ગગને ...પ્રેમથી....
એ ચાર શરણા ખૂબ પ્રભાવી,
રોજ સ્વીકારજો ભક્તિ બતાવી,
મોક્ષ સુધી મળજો રે, ચારેનું શરણું મને... ...પ્રેમથી....

Scanned with CamScanner

# શ્રી અઉર પચ્ચખાણ પયન્ના સૂત્ર -૯૫

(રાગ : નથી જાણતો તારી ભક્તિની રીત રે)

આગમ મલ્યા છે મુજને ખૂબ પ્રભાવી,
આગમનો મહિમા સુણો નરનારી !
આગમની વાતો (૨) અગમ નિગમની ....આગમનો

ઘૂઘવાતા સમંદર જેવા માલકોશ રાગે,
ધોધમાર વરસી રહ્યા પ્રભુ એમ લાગે,
બાર પર્ષદાની આગે (૨) વરસતી વાણી ....આગમનો

આઉર પચ્ચખાણ સૂત્ર તત્વ પ્રકાશે
મેઘની જેમ મૂશળધારે વરસે
શાસ્ત્રોની વાતો (૨) ખૂબ ચમત્કારી ....આગમનો

જેહમાં છે ભાખ્યું પંડિત મૃત્યુ
મોતનું મરણ કરે, એવું છે આ મૃત્યુ
પ્રભુ મુજ મૃત્યુ ટાણે (૨) આપજે સમાધી ....આગમનો

Scanned with CamScanner

# શ્રી ભત્તપરિજ્ઞા પયન્ના સૂત્ર- ૨૫

(રાગ : અમેરે મહિયારા રે ગોકુલ ગામના)

તમે રે સહારા રે, આ કલિકાલના
હે મારે શરણા તમારા લેવા...
સહારા રે તમે કલિકાલના...
કર્મોનું ઝેર વ્યાપ્યું મારી રગેરગમાં,
ઝેર ઉતારનારા તમે એક જગમાં,
હે... ગારૂડી તમે કહેવાયા... ....સહારા રે..તમે....
ભક્ત પરિજ્ઞામાં મોતને પડકાર છે,
ત્રણ મરણ તણો અજબ આલેખ છે.
હે... તમે અંતે સમાધિ આપનારા......સહારા રે..તમે....
પાદપોપગમોને ભક્ત પરિજ્ઞા,
ઇંગીની મરણ છે મોટી પરિક્ષા
હે... અણશનની વાત કહેનારા.. ....સહારા રે..તમે....
એક કરું વિનંતી હું હાથ જોડી,
મૃત્યુ ટાણે આવજો તમે જલ્દી દોડી,
હે... મારી હોડીના તમે હાંકનારા. ....સહારા રે..તમે....

Scanned with CamScanner

# શ્રી તંદુલ વૈચારીક પયન્ના સૂત્ર - ૨૭

( રાગ : હે મારા સીમંધર સ્વામી રે...)

હે મને આગમ ના નામે રે થાયે બહુમાન રે,
આગમ ની વાત તમે સાંભળો...
હે મને પ્યારી જિનવાણી રે, સહુ ને ગમનારી રે,
અજ્ઞાન મારૂં દૂર કરજો.... હે મને...(૧)
આગમ નો સૂરજ ઉગ્યો આકાશે,
અગોચર તત્વ એના તેજે પ્રકાશે,
હે મારા ભવોભવના દુઃખ રે, થઈ જાયે દૂર રે...આગમની...
તંદુલવૈચારીક આગમ કહે છે,
ગર્ભસ્થિતીનું વર્ણન કરે છે,
ગર્ભાવસ્થાના દુઃખ રે, થઈ જાયે દૂર રે. ..આગમની...
ગર્ભની કેદમાં જીવ જકડાય છે,
નવ મહિના તેના કેમ કરી જાય છે ?
શિરા રોમ ધમની રે, અશુચી થી બની રે....આગમની...
માતાના ઉદરે જીવ પ્રવેશે છે, બાર વર્ષ લગી ત્યાં રહી શકે છે,
ઉંધે માથે લટકાય રે, બહુ રીબાય રે.....આગમની...
અંગ ઉપાંગની રચના થાય છે,
રૂધિર ને માંસ નો સંચય થાય છે,
અંધારે ઘેરાય રે, નહી કોઈ ઉપાય રે.. ..આગમની...
પ્રભુ એક વિનંતી મારી સાંભળો,
જન્મ મરણના દુઃખો નિવારો,
હવે જાવું મારે પાર રે, તારે આધાર રે...
આગમની વાત... હે મને....

Scanned with CamScanner

# શ્રી ચંદાવિજજપયન્ના સૂત્ર - ૬૮

(રાગ : કેસરિયો રંગ મને લાગ્યો લ્યા ગરબા)

આગમનો રંગ મને લાગ્યો મારા સાહિબા,

આગમનો રંગ મને લાગ્યો રે લોલ,

સૂતેલો આતમા જાગ્યો મારા સાહિબા,

સૂતેલો આતમા જાગ્યો રે લોલ.

દુનિયાભરમાં જે ડંકા વગડાવે,
વિશ્વભરમાં જે ઝંડા લહેરાવે,
એવા આગમનું અમૃત ચાખ્યું મારા સાહિબા
અમરપણું મને લાધ્યું રે લોલ...

આગમનો...

બુદ્ધિજીવીઓ જેને શીશ ઝુકાવે,
વૈજ્ઞાનિકોના મસ્તક ડોલાવે,
એવી આગમની વીણા વાગી મારા સાહિબા,
બેસૂરા સૂર શમ્યા રે લોલ

આગમનો...

સર્વજ્ઞતાનો અજબ પૂરાવો,
અકાટ્ય તત્ત્વોનો ગજબ ભરાવો,

Scanned with CamScanner

એવા આશ્ચર્યકારી ગ્રંથો વાંચ્યા મારા સાહિબા,
મનડાના મોરલા નાચ્યા રે લોલ...

આગમનો...

એક એક વાત એની આંખ ખોલનારી,
બુધ્ધિના તર્કને બુઠ્ઠા કરનારી,
શંકાના તાળાં તૂટયા મારા સાહિબા,
શ્રધ્ધાના બારણા ખૂલ્યા રે લોલ....

આગમનો...

ચંદાવિજ્જ પયન્ના વાત જણાવે,
વિનયધર્મની મહેંક પ્રસરાવે,
દેવ - ગુરૂનો એવો વિનય કરીએ
અઢળક જાણે ઢળીયારે લોલ...

આગમનો...

એવી એક મરજી તમને રે કહીએ,
ચરણોના ચાકર ભવોભવ કરીએ,
વિનંતી મારી માનો મારા સાહિબા,
ગગન ભરીને અમે ગાજીએ રે લોલ..

આગમનો...

Scanned with CamScanner

# - શ્રી દેવેન્દ્ર સ્તવ પયન્ના સૂત્ર - ૨૯

(રાગ : સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ...)

હે જિનવાણી ! મારા મનની દુરમતી દૂર નિવારજો,
હે શ્રુતવાણી ! મારા મનની સદ્બુદ્ધિ વધારજો,
કિરણ એક તારા જ્ઞાનતણું અજ્ઞાન હરે મારા ભવોભવનું,
તું છે વિશ્વતણું એક નઝરાણું... હે જિનવાણી...
જિનવાણી ઝરમર વરસે છે, રોમેરોમ શીતળતા પ્રસરે છે,
અનાદિનો મેલ ધોવે છે..... હે જિનવાણી...
દેવેન્દ્રસ્તવ માં ઈન્દ્રો તણો, વર્ણવ્યો વૈભવ અતિ ભલો,
તારું શરણું મુજને નિત્ય મલો... હે જિનવાણી...
શ્રાવક એકે ભક્તિ ભાવે, સ્તવ્યા, પ્રભુને ઈન્દ્રોથી પૂજીત કહ્યા,
કોણ ઈન્દ્રો ? સંશય મનમાં થયા.... હે જિનવાણી....
શ્રાવિકાનો સંશય દૂર કરે, બત્રીશ ઈન્દ્રોનું સ્વરૂપ કહે,
તે વાર્તા એહ ગ્રંથ કહે... હે જિનવાણી...
શાસ્ત્રોતણાં અમને રખવાળાં, થાય અમ જીવનમાં અજવાળાં,
થયા દૂર તિમિર તણાં ટોળા... હે જિનવાણી...

Scanned with CamScanner

# શ્રી ગણિવિજજ પયન્ના સૂત્ર - ૩૦

(રાગ : વીરજી સુણો એક વિનંતી મોરી...)

હૈયું ઝુકે તારા ચરણ કમળમાં,
મનડું રમે તારા સ્મરણ વનમાં
હે જિનાગમ ! તારી વાણી ધારા
અનહદ વરસી અનરાધારા... ...હૈયું ઝુકે....

તારા શબ્દામૃતને પીવા,
અંતર ઝંખે રાતને દીવા
તારા શબ્દના તેજ થકી રે
પ્રગટે મારે કોઠે દિવા... ...હૈયું ઝુકે....

તારા વચન કવચો પહેરતા,
મોહ ના પડે હથિયારો હેઠા,
ભોગતૃષ્ણાના ભોરિંગ મોટા
તારા નામે ભાગે થઈ ભોઠા... ...હૈયું ઝુકે....

Scanned with CamScanner

ગણિવિજ્જા ગ્રંથની રચના રળિયામણી,

વાત કહી જેમાં નક્ષત્ર ગ્રહની

સૂર્ય - ચંદ્ર ને તારા ગણના

યોગ દર્શાવ્યા શ્રેષ્ઠ મૂર્હતના... ...હેયું ઝુકે....

દિક્ષા અણશન ને પ્રતિષ્ઠા વિધિનું,

પ્રતિમાવહન ને લોચાદિક નું,

અનુષ્ઠાન થાયે ઉત્તમ યોગમાં

ઉન્નતિ થાયે સંઘ - શાસનમાં.. ...હેયું ઝુકે....

ગણિ વિદ્યા ભણી આરાધના કરાવે,

જ્ઞાન શાસનની ચોમેર ફેલાવે,

એવું એક મૂર્હત અમને દેજો,

સાધના અમારી અખંડ રહેજો... ...હેયું ઝુકે....

Scanned with CamScanner

# શ્રી મહાપચ્ચખાણ પયન્ના સૂત્ર - ૩૧

(રાગ : માનવનો જન્મ મલ્યો...)

આગમનો તપ મલ્યો આગમને જાપ મલ્યો

આવો સંયોગ નહી આવે ફરીવાર નહી આવે ફરીવાર

શાસ્ત્રોનો સંગ મલ્યો શ્રદ્ધાનો રંગ મલ્યો... આવો....

આગમની વાણી રૂડા તત્વથી ભરેલી

લાગે ચાંદની પૂનમની તારલા મઢેલી

શીતળ સહવાસ છે, ઉજ્વલ પ્રકાશ છે.. આવો....

મહાપચ્ચખાણ પયન્ના મૃત્યુ સુધારે,

અંતિમ આરાધના અણશન કરાવે,

જીવનનો સાર મલ્યો સમાધિનો સ્વાદ મલ્યો.. આવો....

દુષ્કૃતની નિંદા ને પાપ તણી ગર્હા,

એકત્વ ભાવના ને સિદ્ધને વંદના,

આલોચના ને ક્ષમાપના છે... આવો....

Scanned with CamScanner

છ અધિકાર નો સાથ જે લેશે,

સમાધિ તેનો સાથીદાર થાશે,

સિદ્ધોમાં સ્થાન મલે શાશ્વતુ માન મલે..          આવો....

મૃત્યુની નાવડી તે તીરે પહોંચાડજે,

હળવે હલેસે હોડી હંકારજે,

હું છું પ્રવાસી મારો તું છે સુકાની,,          આવો....

આગમ ગ્રંથો ને દિલ દઈ ભણતા

જિનવાણી ને શ્રદ્ધાથી સુણતા,

ભોગના ભોરિંગ એને કદી ના ડંખતા

અણમોલ અવસર મલ્યો, મૃત્યુનો મહોત્સવ કરો.

આવો....

Scanned with CamScanner

# શ્રી સંથાર પયન્ના સૂત્ર - ૩૨

(રાગ : કોયલ ટહુકી રહી મધુબન મેં)

દિલ મલકી રહ્યું આગમ જોઈને,
આગમ આરાધીએ ભાવ ધરીને... ...... દિલમલકી....
દુષમ કાળે મોટો આધાર છે,
આગમ ઉપાસીએ ઉલટ ધરીને.. ...... દિલમલકી....
સંથાર પયન્ના આગમ જાણીએ,
શ્રદ્ધાથી સાંભળો જિનવાણીને.. ...... દિલમલકી....
અંત સમય જાણી ને મુનિવર,
ચર્તુવિધ આહારનો ત્યાગ કરીને.. ...... દિલમલકી....
મોતને ભેટવા સિંહ પરે જે,
તૈયારી કરે વીર બનીને.. ...... દિલમલકી....
ધસમસતા એ સામે ચાલે,
સ્વાગત મોતનું કરે મલકી ને.. ...... દિલમલકી....

Scanned with CamScanner

# શ્રી મરણ સમાધિ પયન્ના સૂત્ર - ૩૩

(રાગ : માતા મરૂદેવીના નંદ)

ગાતા જિનવાણી ના ગુણ,
હરખે હૈયું મલકે દિલડું માહરું રે લોલ...
આગમ તપ કરીએ અમે ભાવે -
દુર્મતી દૂર પલાય, તારા તપના તેજ થકી રે
પાપ પલાયન થાય... .....ગાતા જિનવાણી....
મરણ સમાધિ આગમ આપે,
સમાધિનો સંદેશ, પંડિત મૃત્યુ તે પામે,
બને જે શૂરવીર... .....ગાતા જિનવાણી....
પંડિત મૃત્યુ તેને કહી એ,
અક્ષય પદ દાતાર, સમાધિના સોપાન ચઢીને
મેળવે મુક્તિ મહેલ.. .....ગાતા જિનવાણી....
રોગતણાં ટોળાની વચ્ચે
જેના હોઠ મલકાય, એવું મૃત્યુ હું તો ચાહું
પ્રભુને લાગી પાય... .....ગાતા જિનવાણી....
પંડિત મૃત્યુ ને વરીયા
સમતાનો કરી સંગ, મૃત્યુનો મહોત્સવ કરીને
પામ્યા ભવજલ અંત........ગાતા જિનવાણીના ગુણ..!

Scanned with CamScanner

# શ્રી નિશીથ સૂત્ર -૩૪

(રાગ : મેં તો ભૂલ ચલી બાબુલ કા દેશ)

હે નાચો નાચો ઉમંગે સૌ આજ કે મલ્યા મને આગમગ્રંથો,

હે નાચું નિશદિન તનમનની સંગાથ કે, મલ્યા.....

વીર પ્રભુના મુખથી પ્રગટીયા,

ગણધર ગુરૂએ શબ્દોમાં ઝીલ્યા,

હો.. હો... થાયે ઉરના મંદિરે રણકાર ... મલ્યા.....

લઘુનિશીથ છે આગમ અનેરું

આચાર જ્ઞાન આપે રૂડું રૂપારૂં,

હો... હો... કરે મનનો મોરલીયો ટહુકાર .... મલ્યા.....

ઉત્કૃષ્ટ મારગને જે બતાવે,

વળી અપવાદની વાત સુણાવે,

હો... થાયે દિલમાં ઉમંગ હજાર ..... મલ્યા મને .....

# શ્રી બૃહત્કલ્પ સૂત્ર - ૩૫

(રાગ : કૈસે મિલેંગે મોહે કૈસે)

ગમી રે ગયા રે અમને ગમી રે ગયા...
આગમગ્રંથો અમને ગમી રે ગયા રે,
ઢળી રે પડયા રે અમે ઢળી પડયા રે
આગમના ચરણે અમે ઢળી રે પડયા.. ગમી રે,

દુનિયામાં ઠેર ઠેર ભટકીને થાક્યા,
આશરાની આશા એ, દસે દિશે આથડયા,
તોયે ના અંતર ઉજળા થયા રે ...
....આગમના ચરણે....

વ્હાલા થવાને અમે, વૈરીને વળગ્યા,
હિરા માનીને અમે, પથરાને પૂજીયા
અંતે તો સહુ અમને છેતરી ગયા રે...
...આગમના ચરણે....

Scanned with CamScanner

# શ્રી વ્યવહાર સૂત્ર - ૩૯

(રાગ : દેખ શ્રી પાર્શ્વતણી મૂર્તિ અલબેલડી)

આગમ ગ્રંથને નમીએ નેહથી

આગમના નામે જયકાર રે.......

આગમની જ્યોતિ રળીયામણી,

આગમ અભ્યાસથી જીવન દિપાવીએ,

આગમનો મહિમા અપાર રે... .............આગમની

વીર પ્રભુએ ગ્રંથો પ્રરૂપ્યાં,

આગમ છે અંતર આધાર... .............આગમની

વ્યવહાર સૂત્રમાં દાખવ્યા, પ્રભુએ,

વ્યવહારના પંચ પ્રકાર રે.... .............આગમની

આગમ-શ્રુતને આજ્ઞા વ્યવહાર છે,

ધારણા - શ્રુત વ્યવહાર રે... .............આગમની

પંચપ્રકારે એમ વ્યવહાર ભાખ્યા,

સાચી છે જિનની વાણ રે.. .............આગમની

Scanned with CamScanner

# શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર - ૩૯

(રાગ : હે કિરતાર ! મને આધાર તારો)

હે જિનાગમ ! મને આધાર તારો,
જોજે ના છૂટી જાય (૨)
હે આગમ ! તારા જ્ઞાનનો ખજાનો,
જોતાના અંતર ધરાય ... (૨) ........... હે જિનાગમ !
તારો આધાર મને આ અવનીમાં
અંધારા કાપે મારા આ રજનીમાં
શ્રધ્ધાથી કરીએ છે જાપ અમે તારો
જો જે ના છૂટી જાય... (૨) ........... હે જિનાગમ !
દશાશ્રુતસ્કંધ છે આગમ રળીયામણું,
કલ્પસૂત્ર શોભે છે હૈયું હરનારું,
શ્રધ્ધાથી સેવજો આગમ પુરૂષને
ભવોભવના દુઃખ હરનાર...(૨)........... હે જિનાગમ !
હૈયામાં પ્રગટી છે આશ એક ભારી
ક્યારે ભણીશ હું આગમ સુખકારી
આશા મારી પૂરજો દેવાધિદેવા !
વિનવું છું વારંવાર ... (૨) ........... હે જિનાગમ !

Scanned with CamScanner

# શ્રી પંચકલ્પછેદ સૂત્ર - ૩૮

(રાગ : સિધ્ધાચલ શિખરે દિવો રે)

જિનશાસન ગોખે શોભે રે,

આગમસૂત્રનો દિવો રે...

એના તેજે અંધારા ભાગે રે .... ...આગમસૂત્ર છે દિવો રે..

પંચકલ્પચ્છેદ સૂત્રને વંદો રે... ...આગમસૂત્ર....

કલ્પાકલ્પ વિભાગની વાતો રે... ...આગમસૂત્ર....

ષટ્ પલિમંથ દૂર કીજે રે... ...આગમસૂત્ર....

મુક્તિપંથ પથિકનો ભોમિયો રે.. ...આગમસૂત્ર....

ધન્યધન્ય એહ મુજને મલીયો રે.....આગમસૂત્ર....

શ્રધ્ધા સંવેગે ભરીયો રે.... ...આગમસૂત્ર....

મેં મોટો દરીયો તરીયો રે... ...આગમસૂત્ર....

એને ભણીને જીવન દિપાવો રે.. ...આગમસૂત્ર....

Scanned with CamScanner

# શ્રી મહાનિશીથ સૂત્ર - ૩૯

(રાગ : હે ત્રિશલાના જાયા માગું તારી માયા)

હે આગમ ! શ્રુતરાયા ! પ્રણમું તુમ્હારા પાયા
તાહરે શરણે જે કોઈ આયા (૨)
સવી સંપત્તિ પાયા રે... ......................હે આગમ...
જિનવાણી ગંગામાં ન્હાયા, પાવન થાયે કાયા (૨)
મનના તાપ સંતાપ શમાયા,
જેહને દિલમાં ધ્યાયા રે........................હે આગમ...
દુષમકાળે ઈણે ભરતે, નહીં કોઈ કેવલીરાયા (૨)
ઘોર અંધારે બોધ કરાવે
આગમ તેજ સવાયા રે.. ....................હે આગમ...
મહાનિશીથ છે આગમરાયા, મહિમા જાસ ગવાયા (૨)
જાસ વિચ્છેદે થાશે ઝાંખા
સૂરજ ચંદ્રની છાયા રે.......................હે આગમ...
પાપ કરીને જે પસ્તાયા, નિર્દંભી જેહ બતાયા,
લજ્જાદિકથી પણ શીળ ધરીયા,
ધન્ય એક કહાયા રે.. ....................હે આગમ...

Scanned with CamScanner

# શ્રી આવશ્યક સૂત્ર - [illegible]

(રાગ : ગિરિવર દર્શન વિરલા પાવે)

આગમ દરિશન વિરલા પાવે,
પૂરવ સંચિત પાપ ગમાવે ...............આગમ....
શ્રી આવશ્યક નમીએ આગમ,
અજવાળાથી ભરીએ આતમ ...............આગમ...
ષટ્ આવશ્યક સ્વરૂપ બતાવે,
માનવભવને એહ દિપાવે ...............આગમ...
પ્રથમ સામાયિક સમતાધરીએ,
ભાવ થકી સવી પાપ તજીએ ...............આગમ...
બીજું ચોવિસત્થય મન ધરીએ,
ચોવિશ જિનના ચરણે નમીએ ...............આગમ...
વંદન સૂત્રથી વાંદો ગુરૂને,
પડીક્કમણાથી બહુ ફળ લહીએ ...............આગમ...
પ્રમાદ ત્યજીને કાઉસગ્ગ કરીએ,
પચ્ચખાણે વિરિતિને ભજીએ ...............આગમ...
એવી રસીલી વાણી પ્રભુની
ભવિજનને ભરપૂર બનાવે ...............આગમ...
એહ આવશ્યક રોજ આરાધો,
માનવભવનો લહીએ લ્હાવો ...............આગમ...

Scanned with CamScanner

# શ્રી દશવૈકાલીક સૂત્ર - ૫૫

(રાગ : કોણ કરે, કોણ કરે કોણ કરે રે....)

નિત્ય નમો નિત્ય નમો નિત્ય નમો રે,
આગમસૂત્રને નિત્ય નમો રે,
આજ નમો રોજ નમો, ભાવે નમો રે,
આગમસૂત્રને નિત્ય નમો રે ......................(૧)

વીર વિભુ એ જે ઉપદેશ્યા,
ગણધર ગુરૂ એ શબ્દોમાં ગુંથ્યા,
તાસ નામ લેતા હૈયુ હસે રે ..........આગમસૂત્ર (૨)

દશવૈકાલિક નામ છે મોટું
કલિકાલમાં આગમ વડેરું,
અંતરતિમિર હરે નામ જેનું રે ..........આગમસૂત્ર (૩)

આચાર અણગારના જેહ બતાવે,
વળી ભિક્ષાના દોષથી બચાવે,
મુનિ મનક પરે એને ભણો રે ..........આગમસૂત્ર (૪)

દસ અધ્યયન શોભે છે જેહમાં,
ચૂલિકા બે સાથ દે છે તેહમાં
વિનય ધર્મની વાત જાણો રે ..........આગમસૂત્ર (૫)

નૂતન મુનિને એહ ભણાવે,
સાધુધર્મના પાઠ જણાવે,
આગમને દિલ દઈ ભણોરે ..........આગમસૂત્ર (૬)

Scanned with CamScanner

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર - [illegible]

(રાગ : આવો આવો દેવ ! મારા સૂના...)

આવો આવો હે નરનારી ! ઉત્તરાધ્યયનને નમીએ
એનો ઉપદેશ હૈયે ધરીયે,
આવો આવો હે નરનારી ! જિનવાણી ને કહીએ
મારા હૈયે સદા તમે રહીએ... આવો ....................(૧)
વીર વિભુ બેઠા છે ત્રિગડે, પાવાપુરી ગામે,
અંતિમ સમય જાણીને પ્રભુએ મધુર માલકોશ રાગે,
પુણ્યપાપના ફળની વાતો કહી અર્થ વિસ્તારે...
તેવા ઉત્તરાધ્યયનને નમીએ ...........................(૨)
પ્રભુએ જાણ્યું અંતિમ આયુ, હૈયે કરૂણા આણી
પરોપકાર રસિક ચિત્તથી નિર્મળ ભાખી વાણી,
દિધી વિશ્વને અંતિમ દેશના
છત્રીશ અધ્યયન માંહે... તેવા ઉત્તરા ....................(૩)
કંઈક અનેરા તત્વોરૂપી રત્નોનો જે ખજાનો,
તત્વરત્નના દિવ્ય પ્રકાશે લાગે બહુ મજાનો,
ભવિક જીવો જેને લૂંટીને ભરતાં
આત્મ ખજાનો, ઉત્તરાધ્યયને...........................(૪)

Scanned with CamScanner

# શ્રી ઓઘનિર્યુક્તિ સૂત્ર - [illegible]

(રાગ : યહ હૈ પાવન ભૂમિ યહાં બાર)

આ છે જિન આગમો એને ભાવે તમે પૂજો,
દુનિયાભરમાં જેનો જડે ક્યાંય ના જોટો ........આ છે...
દેવો પણ પૂજે છે, ઈન્દ્રો પણ ઝૂકે છે,
રાજાઓ માને છે, મુનિઓ પણ ઝંખે છે,
અભ્યાસ કરે એનો થાય વાળના કદિ વાંકો ......આ છે...
ટંકશાળી વચનોથી કરે વાતો વિશ્વતણી,
લોભાય છે મનડું ને અંતર ઢળે એના ભણી,
વિજ્ઞાનની શોધોમાં પડે છે જેનો પડઘો ........આ છે...
જેના તત્વો વાંચીને વૈજ્ઞાનીકો ડોલે,
વાત સર્વજ્ઞની સાચી એમ સહુ કોઈ બોલે,
ચૌદે રાજલોકમાં વાગે જેનો ડંકો ........આ છે...
ઓઘનિર્યુક્તિ આગમ છે, સપ્ત દ્વાર દર્શાવે,
અણગારની મર્યાદા, સમાચારી બતાવે.

Scanned with CamScanner

# શ્રી નંદિ સૂત્ર -

(રાગ : ભક્તિ હ્રદયમાં ધારજો રે)

નમીએ શ્રી નંદિસૂત્રને જેહથી શોક પલાય,
દિયે આનંદ ઉલ્લાસ ને રે,
તેહથી નંદિ કહેવાય...................... હો ભાવિયા
આગમનો તપ કરજો રે, જાપ આગમનો કરજો રે
દિન દિન ચઢતે ભાવ...... (૧)
સર્વ આગમમાં મંગલરૂપે, નામ પ્રથમ લેવાય
પદવી જોગને દિક્ષા ક્રિયામાં સૂત્ર જેના વંચાય. હો ભાવિયા (૨)
પંચજ્ઞાનનું સ્વરૂપ બતાવે, શ્રી જિનશાસન સાર,
વર્ણન અંતરદ્વિપનું રે, વળી પર્યાપ્તિ વિચાર ... હો ભાવિયા
વર્ણવ્યો શ્રી સંઘને રે, અષ્ટપ્રકારે જાણ,
સૂરજ-ચંદ્રને ચક્રની રે નગર - સમુદ્ર સુજાણ ... હો ભાવિયા
કમળ - રથ - મેરૂપર્વતની રે ઉપમા આપી આઠ,
મનોહર વર્ણન સુણતાં રે, કર્મ તણી તૂટે ગાંઠ... હો ભાવિયા

Scanned with CamScanner

# શ્રી અનુયોગદ્વાર સૂત્ર - [illegible]

(રાગ : સાહિબ સાંભળો રે સંભવ ! અરજ)

આગમ સાંભળો રે મારા અંતરની આ વાતો
અનાદીકાળથી રે ખાધી કર્મ તણી મેં લાતો,
વેઠી વેદના રે સહ્યા મેં કપરા ઝંઝવાતો ......આગમ....

ભૂલો મેં કરી રે કર્યા ઘણા અપરાધો,
નરક નિગોદમાં રે કાઢયો કાલ તિહાં અનંતો ....આગમ...

અનુયોગ દ્વારમાં રે વાતો તત્વ તણી છે ઉંચી,
આગમ મંજૂષાને ખુલ્લી કરવાની છે કૂંચી ......આગમ...

અનુયોગ નગરના રે ભાખ્યા ચાર મહા દરવાજા,
અનુગમ-ઉપક્રમ છે નય-નિક્ષેપ છે સાચા ......આગમ...

નવરસો તણી રે કીધી રસમય વાતો
સ્વરો સાત કહ્યા રે ભાખ્યા પેટા ભેદો ......આગમ...

નિક્ષેપ દ્વારમાં રે કીધા ચાર મોટા નિક્ષેપા,
ભાવ નિક્ષેપામાં રે આપી સાધુને બહુ ઉપમા....આગમ...

Scanned with CamScanner